જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૭/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૩૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૧૩૦ લીટર દેશી દારૂ, ૮૮૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૪૦ બિયર ટીન કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૬,૫૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૯૩૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વીજ કરંટ લાગતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૯૩૫/૨૦૨૬**

સોલા હાઈકોર્ટઃ અજીતભાઈ સત્યપ્રકાશ યાદવ (ઉ.વ.૨૫)(રહે. ઈશ્વરકાકાનગર સોસાયટી, ચાંદલોડીયા શાકમાર્કેટ પાસે, સોલા) તા.૨૮/૦૬/૨૦૨૬ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે સોનલનગર વિભાગ–૦૧ મકાન નંબર બી/૦૭ ના છજ્જા ઉપર કામ કરતા હતા ત્યારે છજ્જા ઉપરથી પસાર થતા વિજ તારને અડી જતા વીજ કરંટ લાગતા શરીરે ગંભીર રીતે દાઝી જતા, સારવાર અર્થે તેમને સોલા સીવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૩/૦૭/૨૦૨૬ રાતના ૯/૫૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદીપસિંહ સુરાજી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૯૩૬/૨૦૨૬**

નારોલઃ ઈસનપુર ગેબનશાહ દરગાહ પાસે ગણેશભૂમિ સોસાયટી ખાતે રહેતા વનરાજભાઈ શ્રીમાળી નાઓની ૧૭ વર્ષની પુત્રીએ અગમ્ય કારણસર તા.૦૩/૦૭/૨૦૨૬ સવારના ૮/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે રસોડામાં પોતાની જાતે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.રાણા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી